# ગુજરાતના ૧૫ ગામડાંઓ બનશે સ્માર્ટ વિલેજ

## ટેકનોલોજીના સહારે ગામોને આધુનિક બનાવવા અમદાવાદીનો મહાયજ્ઞ

હિંમતનગર, તા. ૨૧

કેન્દ્રની મોદી સરકારે સ્માર્ટ સિટી બનાવવા અભિયાન ઉપાડ્યું છે. આ પરિકલ્પનાના રાહે અમદાવાદના ટ્રેડ એડવાઈઝર જગત શાહે દેશના ગામડાંઓને સ્માર્ટ વિલેજમાં પરિવર્તિત કરવા ભગીરથ પ્રયાસ હાથ ધર્યો છે. જગત શાહે તાજેતરમાં મેન્ટોર ઓન રોડ પ્રોજેક્ટ હેઠળ અમેરિકાના ૩૪ શહેરોની મુલાકાત લઈ ૧૫૦૦થી વધુ બિનનિવાસી ભારતીયોને મળ્યા હતા.

જગતભાઈએ તેમને પોતાનુ વતન દત્તક લેવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને પ્રથમ તબક્કામાં ૬૧ એનઆરઆઈ નિર્ધાર વ્યક્ત કર્યો કે તેઓ પોતાના વતનના ગામને દત્તક લઈને સસ્ટેનેબલ સ્માર્ટ વિલેજ બનાવશે. તે માટે ખાસ એસવીપી (સ્પેશિયલ પર્પઝ વ્હિકલ) બનાવીને પદ્ધતિસરનો સર્વે કરીને ગામની જરૂરિયાત પ્રમાણે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સ્વચ્છ, પ્લાસ્ટિક મુક્ત, બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોત અને બાયોગેસ વાપરતાં સ્માર્ટ વિલેજ બનાવવામાં આવશે. મેન્ટોર ઓન રોડના સ્થાપક જગત શાહે જણાવ્યું કે, એક હજાર દિવસમાં આ તમામ ગામોને સ્માર્ટ વિલેજ બનાવવામાં આવશે. જેમાં વૈશ્વિક પરિણામો પર આધારિત સ્માર્ટ ગામના ૭૦ પરિણામો અને ભારતની વાસ્તવિકતા માટે અપનાવવામાં આવેલા ગામનો સંશોધન અહેવાલ રજૂ કરીશું. આ અહેવાલના આધારે જે એનઆરઆઈએ પોતાના ગામને દત્તક લીધું છે તેઓ ગામની મુલાકાત લઈ ગામની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજશે. સ્થાનિક લોકોને મળીને તેમની જરૂરિયાતો અને સમસ્યાઓ વિશે જાણી તેના આધારે પ્રાથમિક સર્વેક્ષણ કરશે. તેમનો એ પણ પ્રયાસ હશે કે ગામમાં બિઝનેસ મોડલ પણ ઉભું થાય અને તેના થકી ગામના યુવાનો માટે રોજગારીનું સર્જન થાય. આ પ્રોજેક્ટની સૌથી મહત્વની બાબત એ છે કે ગામડાઓને આધુનિક બનાવવા જે ખર્ચ થશે તે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ, ઓવરસીઝ ડેવલપમેન્ટ એજન્સી ફંડ તેમજ અન્ય સ્ત્રોતથી નાણાં એકત્ર કરવામાં આવશે. પોતાના ગામને દત્તક લેનારા એનઆરઆઈએ તો માત્ર થોડો સમય, ટેકનોલોજી આધારિત પોતાના સૂચનો, નેટવર્ક, એક્સેસ અને અનુભવનો લાભ જ આપવાનો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં રહેતા એનઆરઆઈ દ્વારા દેશભરના ૬૧ ગામો દત્તક લેવામાં આવ્યા છે. તેમાં ગુજરાતના સૌથી વધુ ૧૫ ગામ દત્તક લેવામાં આવ્યા છે. જેમાં વડાપ્રધાન મોદીનું વતન વડનગર, બોરીજ, ધર્મજ, ગોધાવી, ઓરણા, ગારિયાધાર સહિતના ગામોનો સમાવેશ થાય છે.

### કેવી રીતે બનશે સ્માર્ટ વિલેજ ?

- દરેક ઘર પર રૂફટોપ
- દરેક ગામમાં પવનચક્કી
- દરેક ગામ સ્મોકલેસ બને તે માટે રાંધણ ગેસ
- દરેક ખેડૂતને શાકભાજી સાચવવા સોલાર ડ્રાયર
- પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરીને બનાવાશે ટોયલેટ
- દરેક ઘરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે સિસ્ટમ
- વીજળીના ઉત્પાદન માટે બાયોગેસ અને વેસ્ટનો ઉપયોગ
- શ્રેષ્ઠ શિક્ષણ અને આરોગ્ય સેવા
- ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને પાકા રોડ

કૉંગ્રેસનો ગઢ બરકરાર..!

# બનાસકાંઠાના મતદારોએ કર્યું ૨૦૧૨નું પુનરાવર્તન

## માજી મંત્રી જીત્યા તો રાજ્યના બે મંત્રીઓ હાર્યા : કૉંગ્રેસને પાંચ, ભાજપને ત્રણ અને એક અપક્ષને ફાળે : વિપરીત પરિણામ આપવા જાણીતા બ.કાં.એ પરંપરા જાળવી રાખી

રાજ્ય અને દેશભરમાં ચાલતા ટ્રેન્ડથી તદ્દન વિપરીત પરિણામો આપવા માટે જાણીતા સરહદી બનાસકાંઠા જિલ્લાએ એ પરંપરા જાળવી રાખી છે. કૉંગ્રેસના ગઢ ગણાતા બનાસકાંઠા જિલ્લામાં કૉંગ્રેસ પોતાનો ગઢ બરકરાર રાખવામાં સફળ રહી છે. મતદારોએ પણ ૨૦૧૨નું પુનરાવર્તન કરતો ચુકાદો આપતા ફરીએકવાર કૉંગ્રેસને ૫, ભાજપને ૩ અને ૧ બેઠક કૉંગ્રેસ સમર્થિત અપક્ષને ફાળે ગઈ હતી.

સદાયે સામા પ્રવાહે તરવા માટે જાણીતા બનાસકાંઠા જિલ્લાની શાણી પ્રજાએ ફરીએકવાર ૨૦૧૨નું પુનરાવર્તન કરતો જનાદેશ આપ્યો છે.



પાલનપુર-અમદાવાદ હાઈવે પર જગાણા ખાતેની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે ૯ સીટ પરની મતગણત્રી હાથ ધરાઈ હતી. હજારો સમર્થકોની હાજરી વચ્ચે સઘન સુરક્ષા વચ્ચે મત ગણતરી હાથ ધરાઈ હતી. જેમાં રાઉન્ડ વાઈઝ મતગણત્રી દરમિયાન આવતા ઉતાર-ચડાવને પગલે રાજકીય પક્ષના ઉમેદવારો સહીત તેમના સમર્થકોના જીવ તાળવે ચોંટી જતા જોવા મળ્યા હતા. અણધાર્યા પરિણામને પગલે ×કહી ખુશી કહી ગમ× નો માહોલ જોવા મળ્યો હતો.

### ૨૦૧૨નું પુનરાવર્તન

બનાસકાંઠામાં ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને ૫ અને ભાજપને ફાળે વાવ-થરાદ - દિયોદર અને ડીસા મળી ૪ સીટ મળી હતી. (જોકે, ડીસા સીટ પણ પેટા ચૂંટણીમાં કૉંગ્રેસને ફાળે ગઈ હતી.) ત્યારે ૨૦૧૭માં પણ ઈતિહાસ દોહરાવતા કૉંગ્રેસને ૫, ભાજપને ૩ અને ૧ કૉંગ્રેસ સમર્થિત અપક્ષને ફાળે ગઈ છે.

### માજી મંત્રી જીત્યા : બે મંત્રીઓ હાર્યા

બનાસકાંઠા વિધાનસભાની ચૂંટણીમાં અજીબોગરીબ પરિણામ સામે આવ્યા હતા. જેમાં માજી મંત્રી પરબત પટેલ જીત્યા છે. જયારે બનાસકાંઠાનું પ્રતિનિધિત્વ કરી રહેલા રાજ્યના બે મંત્રીઓ શંકર ચૌધરી અને કેશાજી ચૌહાણને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

# માવજીભાઈની હારમાં ધાનેરા શહેર સંગઠનની લાપરવાહી

ધાનેરા, તા. ૨૧

ધાનેરા વિધાનસભા- ૯ ની તૈયારીઓની શરૂઆત બે માસથી ચાલતી હતી અને આ બાબતે ધાનેરા તાલુકા અને શહેરને અલગ-અલગ જવાબદારી આપવામાં આવી હતી.

પરંતુ ધાનેરા શહેર ભાજપ સંગઠન નાં પ્રમુખ-મંત્રી તથાં સંગઠનનાં કાર્યકર્તાઓ પોતાના ગજવાં ભરવાની ઈરછાથી આંટા-ફેરા મારીને પોતાનાં કામ કાઢવામાં મશગુલ રહ્યા હતા.

કાર્યકર્તાઓમાં નવા નિશાળીયા અને પોતાના મળતીયાઓ સાથે રાખીને મુખ્ય કાર્યકર્તાઓ અને નગરપાલિકા ભાજપનાં સભ્યો બધાને અંધારામાં રાખી પોતાની રીતે આયોજન કરીને બંધ બારણે પ્રચાર કરી રહ્યા હતા જેથી માવજીભાઈની હાર થઈ છે.

આ બાબતે ભાજપ શહેર સંગઠનની લાપરવાહી અને મનસ્વી વર્તનનાં કારણે ભાજપને સીટ ગુમાવવાનો વારો આવ્યો છે અને આવી રહેલ નગરપાલિકાની ચૂંટણીનાં સમયે આજ મુરતિયાઓ પ્રમુખ પદે ચાલુ રહશે તો નગરપાલિકાની આવનાર બોડી ગુમાવવાનો વારો આવશે તેવું લોકો દ્વારા ચર્ચા થઈ રહી છે.



## ધાનેરામાં ૪ થી ૮ જાન્યુઆરી ભવ્ય ગૌ કથા યોજાશે

ધાનેરા યોજાનાર ગૌકથા માટે આજે ધાનેરાની ગૌશાળામાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગૌભક્તો હાજર રહ્યા હતા. લોકોને ગાયનું મહત્વ સમજાય તે માટે ધાનેરા આવનારી તારીખ ૪ જાન્યુઆરી થી ૮ જાન્યુઆરી સુધી ભવ્ય ગૌકથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને તેમાં મોટી સંખ્યામાં લોકો પધારે તે માટે ગૌભક્તો દ્વારા લોકોને આમંત્રણ પણ આપવામાં આવી રહ્યું છે તે માટે આજે ધાનેરાની ગૌશાળામાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતુ. અને આ મિટિંગ ડો. એમ.એસ. અગ્રવાલ, ડો. બી.જી. મોર, ગૌભક્ત શાસ્ત્રીજી હિતેશભાઈ નટવરભાઈ સહિત મોટી સંખ્યામાં ગૌભક્તો હાજર રહ્યા હતા.



## ધાનેરાના કોટડા ગામ પાસે અકસ્માત

ધાનેરાના કોટડા ધાખા ગામ પાસે બોલેરો અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧ ની હાલત ગંભીર જોવા મળી હતી. ધાનેરાના કોટડા ધાખા ગામ પાસે બોલેરો જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા એકને ગંભીર ઈજા થવા પામી હતી. અકસ્માતને લઈ જાહેર રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર ઘટનાની જાણ લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલને ઈએમટી ગૌરીચંદ્ર તાત્કાલિક ઘટનાસ સ્થળે પહોંચી ઘાયલને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યા હતા.



## ધાનેરા તાલુકાના ચારડા પેટ પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટર વિતરણ

ધાનેરા તાલુકાના ચારડા ગામની વિજાપુર પ્રાથમિક શાળામાં એજ્યુ ફન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા બાળકો સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. શિયાળાની કડકડતી ઠંડીમાં લોકો ઠંડીથી બચવા માટે વિવિધ ઉપાયો કરતા હોય છે. પરંતુ ગરીબ વર્ગના બાળકોને ભારે ઠંડીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે આવા ગરીબ બાળકો માટે પણ અનેક દાતાઓ તૈયાર જોવા મળી રહ્યા છે. ત્યારે આજે ધાનેરા તાલુકાના વિજાપુર પ્રાથમિક શાળામાં એજ્યુ ફન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા તમામ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં એજ્યુ ફન ફાઉન્ડેશનના પારસભાઈ સોની શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. એજ્યુ ફન ફાઉન્ડેશન દ્વારા વિવિધ શાળામાં જઈ બાળકોને સ્વેટર તેમજ વિવિધ સુવિધા આપી માનવતાનું કામ કરવામાં આવી રહ્યું છે જેને લઈ લોકો તેમનો આભાર માની રહ્યા છે.

# ચિત્રાસણી પાસે ટ્રક અને આર્મી વાન વચ્ચે અકસ્માત : ૫ ઘાયલ

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રસણી નજીક ઈન્ડિયન ધાબા પાસે ટ્રક અને આર્મીની વાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વડોદરા આર્મી કેમ્પના ૪ આર્મી જવાનો સહિત કુલ ૫ લોકો ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ચિત્રાસણી પાસે ટ્રક અને આર્મી વાન વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં વડોદરા આર્મી કેમ્પમાં ફરજ બજાવતા ૪ જવાનો અને ટ્રક ચાલક સહિત ૫ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

૪ આર્મી જવાનો ઈજાગ્રસ્ત.

(૧) શિવશંકર મુન્નારામ ગુપ્તા રહે. ભિવંડી(મહારાષ્ટ્ર)
(૨)ગુરમિતસિંહ લક્ષ્મણસિંહ ઉ.૫૭, રહે.આર્મી કેમ્પ, વડોદરા.
(૩)સર્વેશકુમાર છવીરામ ઉ.૪૦, રહે.આર્મી કેમ્પ, વડોદરા.
(૪)કે.ઈલનગોવન ઉ.૪૦, રહે. આર્મી કેમ્પ, વડોદરા.
(૫)હરપાલસિંહ ઉ.૪૭, રહે. આર્મી કેમ્પ, વડોદરા.





## ધનસુરામાં શિયાળો જામતા વસાણાંની માંગ વધી

વૈદો પણ શિયાળાની ઋતુમાં શક્તિ અને આરોગ્ય વર્ધક પાક- પકવાનનું સેવન કરવાની સલાહ આપે છે. ઠંડીમાં ખાધેલા વસાણાંથી જે શક્તિનો સંચય થાય છે તે બારે માસ સ્વાસ્થને સારું રાખે છે. ઠંડીની ઋતુમાં આપણું શરીર ઉષ્ણતાપમાન જાળવી રાખવા માટે કેલેરીનો વપરાશ વધારી દે છે. શિયાળામાં લોકો મેથીપાક, કચરિયું, ખજુર, મેથીના લાડુ , મગજ સુંઠ પાક, અડદિયા પાક, ગુંદરપાક, બદામ પાક, ખજુર પાક, સાલમ પાક, ગોળની ચીકી કોપરા પાક સોયાપાક, કાટલું વગેરે ખાતા હોય છે જે સ્વાસ્થ માટે લાભકારક હોય છે. હાલ તો શિયાળો જમતા અરવલ્લીની દુકાનોમાં વસાણાં માટે ધસારો જોવા મળી રહ્યો છે.

# અંબાજી ખાતે ૨૪-૨૫મી ડિસેમ્બરે રાજ્યના રાજપૂત સંગઠનોનું અધિવેશન

અંબાજી, તા. ૨૧

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે આગામી તા.૨૪ અને ૨૫ ડિસેમ્બરના રોજ ગુજરાત રાજયના રાજપૂત સંગઠનોનું પાંચમું અધિવેશન યોજાશે. રાજપૂત સમાજની એકતા અને વિકાસ માટે રાજયમાં ચાલતા રાજપૂત સંગઠનોને એકત્ર કરી એકબીજાના વિચારો આદાનપ્રદાન કરી સર્વાંગી વિકાસ તેમજ સંઘ શકિત કેળવાય, એકબીજાનો સારો પરિચય કેળવાયને સમાજને મદદરૂપ બની શકાય તે હેતુથી દર વર્ષે રાજયના તમામ રાજપૂત સંગઠનોનું સ્નેહમિલન યોજવામાં આવે છે.

અંબાજી મુકામે દાંતા રોડ ઉપર શ્રી રાજપૂત મિલ્કત ટ્રસ્ટ અંબાજી સંચાલિત બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત સમાજ એકતા ભવન ખાતે આ અધિવેશન યોજાશે. રાજયના રાજપૂત સંગઠનોને તેમની સંસ્થા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની મહત્વની વિગતો, ઉપયોગી સુચનો સાથે આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે ગોંડલ ખાતેના દ્વીતીય સ્નેહ મિલનમાં આમુલ પરિવર્તન-૧ અનુસાર મૃત્યુ પછીના વિધિ-વિધાનમાં આમુલ પરિવર્તન લાવવા નિર્ણય લેવાયો હતો. જેને બહુ સુંદર પ્રતિભાવ મળી રહ્યા છે. હવે આમુલ પરિવર્તન-૨ અનુસાર વેવિશાળ-લગ્ન પ્રથામાં વિવિધ વિધિઓ, કાર્યક્રમોને સરળ બનાવી સમાજને ઉપયોગી આમુલ પરિવર્તન લાવવા જરૂરી ચર્ચા વિચારણા અને સુચનો ધ્યાનમાં લઈ પ્રયાસો કરવામાં આવશે. અધિવેશનમાં કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સમાજ, ગાંધીનગર રાજપૂત સમાજ સહિત રાજયભરના રાજપૂત સંગઠનોના અગ્રણીઓ, પ્રતિનિધિઓ વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

અંબાજી મુકામે અધિવેશનમાં ઉપસ્થિત રહેવા માટે વિક્રમસિંહજી મહારાઉલજી મો-૯૮૨૪૦ ૧૮૩૮૧, રમજુભા જાડેજા મો.-૯૯૨૫૨ ૧૦૭૦૫, સામંતસિંહ સોલંકી. મો.-૯૮૯૮૭૬૫૨૦૨, તથા અંબાજી મુકામે મેનેજર રણજીતસિંહ પરમાર મો.-૯૪૨૮૬ ૫૨૭૯૪નો સંપર્કસાધવા જણાવાયુંછે.

# શેરપુરા-મજાદરના ગ્રામજનો દ્વારા આધારકાર્ડ ફરજીયાત કરવાના વિરોધમાં આવેદનપત્ર

વડગામ તાલુકાના શેરપુરા-મજાદરના ગ્રામજનોએ આધારકાર્ડ સરકારી કામોમાં ફરજીયાત કરવા સામે જિલ્લા કલેકટરને આવેદનપત્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો

વડગામ તાલુકાના શેરપુરા- મજાદરના ગ્રામજનો આજે પાલનપુર સ્થિત કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં સરકારી કામો તેમજ અન્ય જગ્યાએ આધારકાર્ડ ફરજીયાત માંગવામાં આવે છે. તેના વિરોધમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જેમાં રજુઆત કરી હતી કે જિલ્લામાં પુરવઠા વિભાગ, બેંકો ,સ્કૂલો,આંગણવાડી,સેવા મંડળીઓ ,સ્ટેમ્પ નોંધણી, રજીસ્ટાર, મોબાઈલ કંપનીઓ તથા અન્ય વિભાગો દ્વારા જેતે લાભો મેળવવા માટે તેમજ સેવાઓ ચાલુ રાખવા માટે ફરજીયાત પણે આધારકાર્ડ માંગવામાં આવે છે તે ગેરવ્યાજબી છે.

સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ જયાર સુધી આધારકાર્ડ અંગે કોઈ અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી તેને ફરજીયાત માંગી શકાય અહીં અમારા કોઈ પણ કામમાં આધારકાર્ડ માંગવામાં આવે છે અને અમને લાભો આપતા નથી તેવું ઝાકિર ચૌહાણે જણાવ્યું હતું.

સુપ્રીમકોર્ટ દ્વારા હજુ સુધી આધારકાર્ડને લઈને કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી પરંતુ કોઈ પણ સરકારી કામમાં આધારકાર્ડ ફરજિયાત માંગવામાં આવતું હોવાથી લોકો અનેક લાભો થી વંચિત રહી જાય છે. તેથી આધારકાર્ડ ન હોવાથી કોઈ અગવડતા ન પડે અને પોતાના બધાજ કામો થાય તેવી માંગ સાથે શેરપુરા-મજાદરના ગામોના લોકોએ કલકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# પાલનપુર ખાતે 'અલવીદા તનાવ' શિબિરનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પાલનપુર સેવા કેન્દ્રના ઉપક્રમે દેશના સુવિખ્યાત તનાવ વિશેષજ્ઞ બ્ર.કુ. પુનમબેન દ્વારા આજે પાલનપુર ખાતે 'અલવિદા તનાવ' શિબિરનો શુભારંભ થયો હતો.

શિયાળાની ફુલગુલાબી ઠંડીના મંગલપ્રભાતે શરૂ થયેલી શિબિરમાં બ્ર.કુ. પુનમબેને આધ્યાત્મિકતાથી સંપૂર્ણ સ્વસ્થ રહેવાની ચાવી બતાવતાં જણાવ્યું હતું કે નકારાત્મક વિચારોથી જીવનમાં રોગ અને સમસ્યાઓનો ઉદ્ભવ થાય છે અને વિચાર પરિવર્તન દ્વારા જીવનશૈલીમાં બદલાવ લાવીને વ્યક્તિ સુખ અને ખુશીનો અનુભવ કરી શકે છે. સાથે સાથે એકબીજા પ્રત્યે શુભ ભાવનાઓની અભિવ્યક્તિ દ્વારા સંબંધોમાં મધુરતા કેવી રીતે લાવી શકાય તેનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

શિબિરના પ્રારંભે પાલનપુર સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની બ્ર.કુ. ભારતીબેને સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા અને જયારે બ્રહ્માકુમારીઝ સંસ્થાના ઉત્તર ગુજરાત સબઝોન ઈન્ચાર્જ રાજયોગીની બ્ર.કુ. સરલાબેને શુભકામનાઓ પાવીને સંસ્થાનો પરિચય કરાવ્યો હતો.